જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૬/૧૨/૨૦૨૧ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૨૨૧૬/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૫/૧૨/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૭૨૭	૧	૧૧૭૨૮	૧૭૮૩૭	૧	૧૭૮૩૮
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૨૨	૦	૧૨૨	૩૯૭	૦	૩૯૭
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૭૪૫૦૬	૧૭	૭૪૫૨૩	૭૫૬૦૮	૨૦	૭૫૬૨૮
કુલ		૯૧૦૮૮	૧૮	૯૧૧૦૬	૧,૦૦,૧૨૪	૨૧	૧,૦૦,૧૪૫

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	**MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ**
૧	અમદાવાદ શહેર	૨૬	૩,૭૪,૨૫૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૨૬૧	૨,૬૧,૦૦૦/-

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૨૨૧૭/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૭ કેસ કરી, ૪૪ વ્યક્તિઓને ઝડપી, ૧૧૭ લીટર દેશી દારૂ, ૫૬ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૧ સ્કુટર કબજે કર્યું હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૧૦ કેસ કરી ૬૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૨૬,૪૯૦/- અને જુગારના સાધનો **કબજે** કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૨૨૧૮/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૪૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧ વ્યક્તિની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૨૨૧૯/૨૦૨૧**

એરપોર્ટઃ આનંદભાઇ નટવરલાલ પરમાર (ઉ.વ.૪૬) (રહે. શરદ સોસાયટી બંધુનગર ફ્લેટ સામે રાધાસ્વામી મંદિર રોડ રાણીપ) એ તા.૦૫/૧૨/૨૦૨૧ ના રોજ એરપોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે આનંદભાઈ પરમાર ગેસ એજન્સીનો ધંધો કરતા હોઈ તા.૧૬/૦૧/૨૦૧૯ થી તા.૦૩/૦૯/૨૦૨૦ સુધીના સમયગાળા દરમ્યાન આદિત્ય ગેસ એજન્સીના પ્રોપરાઇટર આરોપી બીપીન રામનિવાસ બાથમ (ઓફીસઃ- GIDC ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ કામધેનુ કોમ્પલેક્ષ પાછળ મહાવીર રોલીંગ મિલ રોડ ફૈઝ-૪ વટવા)એ સરદારનગર આંબાવાડી બસ સ્ટેન્ડ સામે ક્રિષ્ના કોમ્પ્લેક્ષ ઓમકાર ઇન્ડેન એલ.પી.જી.ગેસ એજન્સી ઓફીસ ખાતે આનંદભાઈ પરમારનો વિશ્વાસ કેળવી તેમની એજન્સીમાંથી દર મહિને એક હજાર બોટલ ખરીદવાની લાલચ આપી એજન્સીમાંથી ઉધારીમા ગેસની ભરેલી તેમજ ખાલી બોટલો લઈ જઇ તે પૈકી બાકી નિકળતા રૂપિયા ૧૪,૫૪,૯૬૪/- આજદિન સુધી નહી ચુકવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી આર.આર.દેસાઇ ચલાવે છે.

પાણીની ટાંકીમાં પડી જતા મૃત્યઃ- **સમાચાર યાદી નં.૨૨૨૦/૨૦૨૧**

રામોલઃ રામોલ ગત્રરાડ રોડ સેન્ટ જેવિયર્સ સ્કુલ કંપાઉન્ડ ખાતે રહેતા પ્રવિણભાઇ નુરાભાઇ ડામોર (મુળ વતન. ગામ.ગણેશપુરા તા.સજ્જનગઢ જી.બાસવડા રાજસ્થાન) ની બે વર્ષની પુત્રી અંકીતા તા.૦૫/૧૨/૨૦૨૧ સવારના ૧૦/૩૦ વાગ્યાના સુમારે રમતા-રમતા પાણીની ટાંકીમાં પડી જતા સારવાર માટે તેને એલ.જી.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવી હતી. જ્યાં સારવાર દરમ્યાન બપોરના ૧૨/૦૫ વાગે તેનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જયદેવ લાભુભા ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૨૨૨૧/૨૦૨૧**

વાડજઃ ચિરાગ દિનેશભાઈ રાઠોડ (ઉ.વ.૨૨) (રહે. તુલસીનગર સોસાયટી સોરાબજી કંપાઉન્ડ જુનાવાડજ) એ અગમ્ય કારણસર તા.૦૪/૧૨/૨૦૨૧ રાતના ૧૧/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વાડજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી રમેશભાઇ મુળજીભાઇ ચલાવે છે.

ઘાટલોડીયાઃ રોશની ડો/ઓ ગલાબજી યાદવ (ઉ.વ.૧૯) (રહે.મુરલીધર આવાસ ઓડાના મકાન સી.પી.નગર ચાર રસ્તા પાસે ઘાટલોડીયા) એ અગમ્ય કારણસર તા.૦૫/૧૨/૨૦૨૧ બપોરના ૨/૨૦ વાગ્યા પહેલા પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ઘાટલોડીયા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એ.આર.ડાંગર ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.